# 6. 1945 પછીનું વિશ્વ

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના જવાબ લખો :

#### 1) સંયુક્ત રાષ્ટ્રસંઘના હેતુઓ જણાવો.

- સંયુક્ત રાષ્ટ્રસંઘના હેતુઓ નીચે મુજબ છે.
- વિશ્વમાં આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવી.
- શાંતિને અવરોધરૂપ બાબતોને અટકાવવી કે દૂર કરવી. આક્રમણનાં કે શાંતિભંગના બનાવોને નાબૂદ કરવા અસહકાર સામૂહિક પગલાં ભરવાં. દરેક આંતરરાષ્ટ્રીય વિવાદ કે ઝગડાનો શાંતિમય સાધનો દ્વારા ઉકેલ લાવવો.
- આત્મનિર્ણય અને સમાન હકના પાયા પર વિશ્વનાં રાષ્ટ્રો વચ્ચે પરસ્પર મૈત્રીભર્યા સબંધો વિકસાવવાં અને વિશ્વશાંતિ જાળવવા માટે યોગ્ય પગલાં ભરવાં.
- જગતનાં રાષ્ટ્રોની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક કે માવતાવાદી સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે આંતરરાષ્ટ્રીય સહકાર પ્રાપ્ત કરવો.
- જાતિ, ભાષા, લિંગ કે ધર્મના ભેદભાવ વિના વિશ્વના બધા જ લોકોના માનવ અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાઓ પ્રત્યે આદરભાવ ઉત્પન્ન કરવો.
- વિશ્વમાં એકતા અને વિશ્વબંધુત્વને ભાવના વિકસાવવી.
- સંયુક્ત રાષ્ટ્રોના ઉદ્દેશો હાંસલ કરવા માટે કામ કરી રહેલાં રાષ્ટ્રોનાં કાર્યો વચ્ચે યુ.એન.એ સુમેળ લાવનાર કેન્દ્ર તરીકે કામ કરવું.

#### 2) બિનજોડાણની નિતીનો અર્થ સમજાવો.

- દ્વિતિય વિશ્વયુદ્ધ પછી જગતમાં અમેરિકાતરફી લોકશાહી દેશોનું સત્તાજુથ અને લશ્કરી જુથ તથા સોવિયેત યુનિયનતરફી સામ્યવાદી સત્તાજુથ અને લસ્કરી જુથ એમ પરસ્પર વિરોધી મહાસત્તાઓ અને લશ્કરી જુથોનો ઉદ્દભવ થયો. એશિયા અને આફ્રિકાના નવા સ્વાતંત્ર થયેલા દેશોએ પોતાની સ્વતંત્રતા તેમજ અન્ય રાષ્ટ્રીય હિતોની સુરક્ષા માટે આમાંના કોઈ પણ સત્તાજુથ કે લશ્કરી જુથમાં જોડાવાને બદલે, એ જુથોથી સમાન અંતર રાખીને, તટસ્થ રહેવાનો નિર્ણય કર્યો.
- આમ, અલિપ્ત રહેલા દેશોએ જગતના કોઈ પણ સત્તાજુથ કે લશ્કરી જુથમાં ન જોડાવાની અપનાવેલી વિદેશનીતિને 'બિનજોડાણની નીતિ' કહે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**3) ‘ઠંડા યુદ્ધ’નાં પરિણામોની સંક્ષેપમાં ચર્ચા કરો.**

- ઠંડા યુદ્ધના સમયગાળા દરમિયાન બંને મહાસત્તાઓ અમેરિકા અને સોવિયેત યુનિયન અનેક વખત આમનેસામને આવી, પરંતુ બંને પાસે પરમાણુ શસ્ત્રો અને દૂરસંચાર મિસાઈલો હોવાથી વિશ્વ ભયંકર મહાયુદ્ધમાંથી બચી ગયું.
- બંને મહાસત્તાઓ વચ્ચે શરૂ થયેલી શસ્ત્રસ્પર્ધા પરાકાષ્ઠાએ પહોંચી.
- દુનિયાનાં મુખ્ય શક્તિશાળી રાષ્ટ્રોના વચ્ચેના આંતરસબંધોમાં આમૂલ પરિવર્તન આવ્યું.
- દ્વિતિય વિશ્વયુદ્ધના અંતે જગતમાં એકલુ જ અણુબૉમ્બ જેવું વિનાશકારી શસ્ત્ર ધરાવતું હતું. પરંતુ ઈ.સ. 1949માં સોવિયેત યુનિયને સફળ અણુખતરો કરી પોતાની તાકાતનું પ્રદર્શન કર્યું.
- વિશ્વના મોટા ભાગના દેશોને એકબીજા પ્રત્યે ભારોભાર અવિશ્વાસ હતો. તેમને એકબીજાનો ભય સતાવતો હતો. તેથી તેઓ જગતના એક યા બીજા લશ્કરી જુથમાં જોડાયા.

**4) જર્મનીના ભાગલા અને એકીકરણ વિશે ટુંકમાં જણાવો.**

- દ્વિતિય વિશ્વયુદ્ધને અંતે પરાજિત જર્મનેની રાજ્યવ્યવસ્થા, સામાજિક વ્યવસ્થા અને અર્થતંત્ર સંપૂર્ણ ભાંગી પડ્યાં હતાં.
- એ સમયે જર્મનીને ફરીથી બેઠું કરી શકે છે એવો કોઈ નેતા દેશમાં રહ્યો નહોતો.
- વિશ્વયુદ્ધ પુરુ થતાં જર્મનીને ચાર વહીવટી વિસ્તારોમાં વહેંચવામાં આવ્યું.
- વિશ્વયુદ્ધના છેલ્લા તબક્કા દરમિયાન સોવિયેત યુનિયનની લાલ સેનાએ જર્મનીના પૂર્વ ભાગ પર લશ્કરી કબજો જમાવ્યો હતો. તેથી પૂર્વ જર્મનીનો વહીવટ સોવિયેત યુનિયનને સોંપવામાં આવ્યો.
- જર્મનીના નૈરુત્ય ભાગનો વહીવટ અમેરિકાને, ફ્રાન્સની નજીક આવેલા પદેશોનો વહીવટ ફ્રાન્સને તેમજ નેધરલૅન્ડઝ અને બેલ્જિયમને અડીને આવેલા જર્મન પ્રદેશનો વહીવટ બ્રિટનને સોંપવામાં આવ્યો.
- ભૌગોલિક રીતે પૂર્વ જર્મનીમાં આવેલા પાટનગર બર્લિનને પણ ચાર વહીવટી વિભાગોમાં વહેંચી દઈને તેના પર ચાર દેશોનો વહીવટ સ્થાપવામાં આવ્યો. વહીવટી એકતા માટે સંકલન સમિતિ રચવામાં આવી.
- સત્તજુથો વચ્ચે અવિશ્વાસનું વાતાવરણ સર્જાતા પૂર્વ જર્મની પરની પોતાની સત્તા જતી રહેશે એવો ડર સોવિયેત યુનિયનને લાગ્યો. તેથી તેણે પૂર્વ જર્મનીમાં પોતાનો સામ્યવાદી પક્ષની પૂતળા સરકાર સ્થાપી.
- અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટને પોતપોતાના વહીવટી અંકુશ નીચેના પશ્ચિમ જર્મનીના પ્રદેશોનું એકીકરણ કરી ‘ફેડરલ રિપબ્લિક ઑફ જર્મની’ની રચના કરી.
- પશ્ચિમ જર્મનીના ત્રણ વિભાગોનું એકીકરણ કરવામાં આવ્યું તેમ બર્લિનના ત્રણ ભાગેને એક કરવામાં આવ્યાં.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- આ પ્રક્રિયાને વિરોધરૂપે સોવિયેત યુનિયને એપ્રિલ, 1948માં 'બર્લિનની નાકાબંધી' જાહેર કરી.
- પરિણામે પશ્ચિમી દેશો અને સોવિયેત યુનિયન વચ્ચે ભારે તણાવ ઊભો થયો.
- આ પરિસ્થિતિમાં પશ્ચિમ બર્લિન અને પૂર્વ બર્લિનને જુદી પાડતી 42 કિમી લાંબી, ઊંચી દિવાલ બનાવવામાં આવી.
- ઉપર્યુક્ત બનાવો પછીના ચાર-સાડા ચાર દસકાના સમયમાં વિવિધ કારણોસર ઠંડા યુદ્ધની સ્થિતિમાં પરિવર્તન આવ્યું.
- સમ્યવાદી યુરોપના પૂર્વ દેશો અને પશ્ચિમ યુરોપના લોકશાહિ દેશો વચ્ચેનું અંતર ઘટવા લાગ્યું. પરિણામે સોવિયેત યુનિયનનું 14 રાજ્યોનું વિઘટન થયું.
- એ પ્રક્રિયાના એક ભાગરૂપે 3 ઑક્ટોબર, 1990ના દિવસે પશ્ચિમ જર્મની અને પૂર્વ જર્મનીનું એકીકરણ થયું.
- જર્મન પ્રજાના દુઃખ, યાતનાઓ, સંતાપ અને ક્રુરતાભર્યા જોરજુલમના પ્રતીક સમી બર્લિનની દિવાલ હર્ષોલ્લાસ સાથે તોડી પાડી.
- એ દિવાલ જમીન દોસ્ત થતાં સમગ્ર જર્મન પ્રજાએ ભારે ખુશી અને આનંદ અનુભવ્યાં.
- સંયુક્ત બનેલા જર્મનીએ ઈ.સ. 1990 પછીના દશકામાં કુબ ઝડપી પ્રગતી સાધી. પરિણામે રાજકીય, આર્થીક, વેપાર-વાણિજ્ય, સામાજિક વગેરે ક્ષેત્રે પ્રગતિ સાધીને તે યુરોપનું સંપન્ન રાષ્ટ્ર બન્યું છે.

## 5) ભારત અને રશિયા વચ્ચેના સંબંધોની સંક્ષેપમાં ચર્ચા કરો.

- ભારતમાં ભારે અને ચાવીરૂપ ઉદ્યોગો સ્થાપવામાં અને સંરક્ષણ ક્ષેત્રે સજ્જ થવામાં રશિયાએ આર્થિક અને તકનિકી સહાય કરી.
- રશિયાએ હંમેશા જમ્મુ-કાશ્મીરના પ્રશ્નમાં ભારતનો પક્ષ લીધો છે.
- સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિમાં કશ્મીરના મુદ્દે ભારત વિરુદ્ધ ઠરાવ પસાર નથાય એ માટે રશિયાએ અનેક વખત પોતાની વીટો પાવર સત્તાનો ઉપયોગ કર્યો છે.
- તેણે કાશ્મિર મુદ્દે વૈશ્વિક સ્તર પર ભારતના મતનું સમર્થન કર્યું છે.
- આમ, ભારત અને રશિયા વચ્ચે ગાઢ મૈત્રીભર્યા સબંધો પ્રવર્તે છે.

## 6) 'લશ્કરી જુથો', 'નાટો', 'સિઆટો', અને 'વોર્સો' એ લશ્કરી જુથો વિશે માહિતી આપો.

- નાટો (NATO) : સોવિયેત યુનિયન અને તેના સામ્યવાદને અંકુશિત કરવાના ઉદ્દેશથી એપ્રિલ, 1949માં અમેરિકાની પ્રેરણા અને નેતૃત્વ હેઠળ ઉત્તર ઍટ્લન્ટિક મહાસાગરના કિનારે આવેલા પશ્ચિમી લોકશાહી દેશોનું એક લસ્કરી સંગઠન રચવામાં આવ્યું તે 'નાટો'ના તરીકે ઓળખાય છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- સિઆટો : ઈંગ્લૅન્ડ અને અમેરિકાએ દક્ષિણ-પૂર્વ એશિયાનું 'સામ્યવાદી વિસ્તારવાદ' સામે રક્ષણ કરવા માટે ઈ.સ. 1954માં 'સિઆટો' નામના લશ્કરી જૂથની રચના કરી.
- વૉર્સો કરાર : અમેરિકાની પ્રેરણા અને નેતૃત્વ હેઠળ રચાયેલાં 'નાટો' અને 'સિઆટો' લશ્કરી જુથની રચના કરી. આલ્બિનિયા, બલ્ગેરિયા, ઝેકોસ્લેવેકિયા, પૂર્વ જર્મની, હંગેરી, પોલૅન્ડ, રુમાનિયા, રશિયા વગેરે દેશો આ લશ્કરી જુથના સભ્યો હતા.

## 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :

### 1) બીજા વિશ્વયુદ્ધ પછી મહાસત્તઓ વચ્ચેના સંબંધો શાથી તનાવપૂર્ણ બન્યા ?

- દ્વિતિય વિશ્વયુદ્ધ પછી અસ્તિત્વમાં આવેલી પરસ્પર વિરોધી વિચારસરણીવાળી બે મહાસત્તાઓ અમેરિકા અને સોવિયેત યુનિયન વચ્ચે સમગ્ર વિશ્વ પર પ્રભુત્વ સ્થાપવાની તીવ્ર સ્પર્ધા શરૂ થઈ.
- પરસ્પરની શંકા-કુશંકા અને અવિશ્વાસમાંથી જન્મેલા ભયને કારણે બંને મહાસત્તાઓએ પોતપોતાના લશ્કરી જુથો બનાવ્યા. વિશ્વનાં મોટા ભાગના દેશો એક યા બીજા લશ્કરી જુથમાં જોડાયા.
- વિશ્વ બે સત્તાજુથો અને લશ્કરી જુથોમાં વહેંચાઈ ગયું. સત્તાનું અમેરિકા અને રશિયા-આ બે ધ્રુવોમાં કેન્દ્રીકરણ થયું.
- દ્વિતિય વિશ્વયુદ્ધના અંતે જગતમાં એકલું અમેરિકા જ અણુબૉમ્બ જેવું વિનાશકારી શસ્ત્ર ધરાવતું હતું. પરંતુ ઈ.સ. 1949માં સોવિયેત યુનિયને સફળ અણુઅખતરો કરી પોતાની તાકાતનું પ્રદર્શન કર્યું.
- અરસપરસના ઈરાદાઓ માટે ભારે શંકા-કુશંકા અને અવિશ્વાસને કારણે બંને મહાસત્તાઓ વચ્ચે મહાવિનાશકારી શસ્ત્રોના ઉત્પાદનની તીવ્ર હરિફાઈ શરૂ થઈ.
- ઉપર્યુક્ત કારણોને લીધે બીજા વિશ્વયુદ્ધ પછી મહાસત્તાઓ વચ્ચેના સંબધો તનાવપૂર્ણ બન્યા.

### 2) પંડિત જવાહરલાલ નેહરુ બિનજોડાણની નીતિ વિશે શું માનતા હતા ?

- ભારતના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ બિનજોડાણવાદી નીતિના પ્રખર હિમાયતી હતા.
- તેઓ માનતા હતા કે, કોઈ એક સત્તાજુથ કે લશ્કરી જૂથમાં જોડાવાને બદલે બિનજોડાણવાદી નીતિ સ્વિકારીશું-તટસ્થ રહીશું-તો દેશનાં રાષ્ટ્રીય હિતોનું વધારે સારી રીતે રક્ષણ કરી શકીશું.
- ભારત માનતું હતું વિશ્વના દેશોનું આવાં બે હરીફ-જુથોમાં વિભાજન વિશ્વશાંતિ અને આંતરરાષ્ટ્રીય સહકાર માટે ખતરારૂપ છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### 3) પરમાણુ બિનપ્રસાર સંધિ એટલે શું ભારતે તેના પર કેમ હસ્તાક્ષર કર્યા નથી ?

- જગતની પરમાણુ સત્તાઓએ પરમાણુ શસ્ત્રો અને પ્રક્ષેપાસ્ત્રોનો ફેલાવો જગતના અન્ય દેશોમાં થતો અટકાવવા માટે ઘડેલી સંધિ 'પરમાણુબિનસંધિ પરમાણુ શસ્ત્રો અને પ્રક્ષેપાસ્ત્રો ધરાવતા દેશો પર કોઈ નિયંત્રણ મુક્તિ નથી. તેઓ એ શસ્ત્રોમાં વધારો કરી શકે છે, પરંતુ એ શસ્ત્રોના ઉત્પાદન પર તેઓ અન્ય દેશો પર કડક નિયંત્રણો મૂકે છે.
- આમ, આ સંધિ સંપૂર્ણ ભેદભાવયુક્ત અને ભારતના રાષ્ટ્રીય હિતોની વિરોધી હોવાથી ભારતે તેની પર હસ્તાક્ષર કર્યા નથી.

## 3. નીચેના પર ટૂંક નોંધ લખો.

### 1) શસ્ત્રીકરણ અને નિશસ્ત્રીકરણ

- શસ્ત્રીકરણ : ;ઠંડા યુદ્ધ'ના તબક્કા દરમિયાન બંને મહાસત્તાઓ વચ્ચે વિશ્વ પર પોતાનાં પ્રભાવ અને પ્રભુત્વ જમાવવા માટે વિવિધ પ્રકારનાં સંખ્યાબંધ સંહારક શસ્ત્રોનું ઉત્પાદન વધારવાની હરીફાઈ થઈ.
- અમેરિકાએ સૌથી વધુ સંહારક એવો પરમાણુ બૉમ્બ બનાવ્યો અને દ્વિતિય વિશ્વયુદ્ધ દરમિયાન. ઈ.સ. 1945માં, જાપાનનાં હિરોશિમા નાગાસાકી શહેરો પર તેનો ઉપયોગ કર્યો અને અણુશસ્ત્રોમાં પોતાની સર્વોપરિતા સાબિત કરી. એ પછીનાં ચાર વર્ષમાં ઈ.સ. 1949માં સોવિયેત યુનિયને અણુ અખતરો કરી અણુશસ્ત્રો બનાવવાની પોતાની ક્ષમતા પુરવાર કરી. એ પછી વિશ્વના અગ્રણી દેશો વચ્ચે પરમાણુ શસ્ત્રો બનાવવાની તીવ્ર સ્પર્ધા શરૂ થઈ.
- બે મહાસત્તાઓ પછી બ્રિટને પરમાણુ શસ્ત્રો વિકસાવ્યાં. એ પછીના દાયકામાં ફ્રાન્સ, અને ચીન પરમાણુ શસ્ત્રો વિકસાવી પરમાણુ સત્તાઓ બન્યા. આમ, વિશ્વનાં પાંચ રાષ્ટ્રો પરમાણુ શસ્ત્રો ધરાવતા રાષ્ટ્રો બન્યાં. ચીન સિવાયના ચાર રાષ્ટ્રો સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિનાં કાયમી સભ્ય-રાષ્ટ્રો હતાં.
- આ પાંચ રાષ્ટ્રો પાસે પરમાણુ શસ્ત્રો, વિઘાતક રાસાયણિક જૈવિક શસ્ત્રો તેમજ હજારો કિલોમીટર દૂર આવેલા નિશ્ચિત લક્ષ્યાંકો પર ફેંકી શકાય એવાં પ્રક્ષેપાસ્ત્રોના ઉત્પાદનની અદ્યતન ટૂકનોલૉજી હતી. સમગ્ર મનુશ્ય જાતિનો જ નહિ પરંતુ સમગ્ર જીવસૃષ્ટી સાથે આખા જગતનો અનેક વાર વિનાશ કરી શકે એવા શસ્ત્રોના ભય નીચે વિશ્વ જીવતું હતું.
- નિઃશસ્ત્રીકરણ : ઈ.સ. 1961-1962માં સર્જાયેલી 'ક્યુબાની કટોકટી'ની ઘટના પછી અમેરિકા, સોવિયેત યુનિયન, અને બ્રિટને પરમાણુ શસ્ત્રોના નિઃશશ્ત્રીકરણની દીશામાં પ્રથમ સોપાન તરીકે પરમાણુ શસ્ત્રોના ઉત્પાદન, પરિક્ષણ અને પ્રસારણ પર અંકુશ મૂકવા માટે સહમત થયાં. આ માટે તેમણે 'આંશિંક પરમાણુ અખતરાબંધી' નામની સંધિ તૈયાર કરી. આ સંધિ પર ફ્રાન્સ અને ચીને હસ્તાક્ષર કરવાનો ઈન્કાર કર્યો. ઈ.સ. 1964માં ચીને અણુઅખતરો કર્યો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- બંને મહાસત્તાઓ વચ્ચે ઠંડા યુદ્ધની તીવ્રતા ઓછી થતાં અને તેમની વચ્ચે 'સબંધ સુધાર'ની પ્રક્રિયા શરૂ થતાં મહાસત્તાઓએ પરમાણુ શસ્ત્રો પર મર્યાદા મૂકતી અને તેમાં ઘટાડો કરતી સંધિઓ પર હસ્તાક્ષર કર્યા છે. ભારતે આ સંધિઓ આવકારી છે. પરંતુ તે હંમેશા સંપૂર્ણ નિઃશસ્ત્રીકરણની હિમાયત કરે છે.
- જ્યાં સુધી પરમાણુ શસ્ત્રોનું સંપૂર્ણ નિઃશસ્ત્રીકરણ નહિ થાય ત્યાં સુધી વિશ્વ પરમાણુ શસ્ત્રોના જોખમમાંથી મુક્ત બની શકશે નહિ.

## 2) ક્યુબાની કટોકટી

- ઈ.સ. 1961-1962 દરમિયાન અમેરિકાએ તેને દક્ષિણ-પશ્ચિમે આવેલા સામ્યવાદી દેશ ક્યુબાની નાકાબંધી કરી.
- અમેરિકાના સંભવિત લશ્કરી આક્રમણ સામે ક્યુબાની સલામતી માટે સોવિયેત યુનિયને પરમાણુ શસ્ત્રોથી સજ્જ મિસાઈલો ભરેલા વહાણો કેરિબિયન સમુદ્ર તરફ રવાના કર્યા.
- વિશ્વની બંને મહાસત્તાઓએ એકબીજા પર પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરવાની ધમકી આપી. વિશ્વમાં પરમાણુ યુદ્ધની પરિસ્થિતિ ઊભી થઈ. અંતે અમેરિકા અને સોવિયેત યુનિયનના વડાઓએ સૌપ્રથમ વાર 'હોટ લાઈન' પર વાતચીત કરી.
- પરિણામે સોવિયેત યુનિયને પોતાના વહાણ પાછા વાળી લીધાં અને અમેરિકાએ ક્યુબા સામે ગોઠવેલા પ્રમાણુ શસ્ત્રોવાળાં મિસાઈલો ઉતારી લીધા. પરિણામે બંને દેશો વચ્ચે યુદ્ધની ઘટના ટળી ગઈ.
- આ ઘટના 'ક્યુબાની કટોકટી' તરીકે ઓળખાય છે.
- 'ક્યુબાની કટોકટી'ની આ ઘટના વેળા બંને મહાસત્તાઓએ સદ્ભાવપૂર્ણ સંદેશાની સૌપ્રથમ આપ-લે શરૂ કરી. બંને મહાસત્તાઓ વચ્ચે ગેરસમજ દૂર થવાનો માર્ગ મોકળો બન્યો.
- ક્યુબાની કટોકટીને ઠંડા યુદ્ધના અંતના આરંભ તરીકે ગણવામાં આવે છે.

## 3) સોવિયેત યુનિયનનું વિઘટન

- 20મી સદીના છેલ્લા દાયકા દરમિયાન ઉદારમતવાદી વળણ ધરાવતા મિખાઈલ ગોર્બોચોવ સોવિયેત યુનિયનના પ્રમુખ બન્યા. તેમની એ નીતિનેકારણે સોવિયેત યુનિયન વિચારસરણીમાં પરિવર્તન આવ્યું. તેથી સોવિયેત યુનિયનનું વિભાજન થયું. સોવિયત યુનિયનનું શાંતિપૂર્ણ વિઘટન એ વિશ્વરાજકારણની એક અદ્વિતિય અને શકવર્તી ઘટના ગણાય છે.
- 11 માર્ચ. 1989માં મિખાઈલ ગોર્બોચોવ સામ્યવાદી પક્ષના નવા મહામંત્રી તરીકે સત્તા સ્થાને આવ્યા. તેમના કાર્યકાળ દરમિયાન રશિયાએ વિજ્ઞાન અને ટ્કનોલૉજી ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતી કરી. તે અમેરિકા જેવી મહાસત્તા સામે શક્તિ ધરાવતું રાજ્ય બન્યું.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- મિખાઈલ ગોર્બેચોવ 'ગ્લાસનોસ્ત' અને 'પેરેસ્ટોઈકા' નીતિઓને કારણે સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાક સંઘના સભ્ય-રાજ્યો સ્વતંત્ર અને સાર્વભુમ રાજ્યનો દરજ્જો મેળવવા તત્પર બન્યાં. આ રાજ્યો એક પછી એક સ્વતંત્ર બન્યાની ઘોષણા કરવા લાગ્યાં.
- ધીમે ધીમે સિવિયેત યુનિયનના વહીવટીતંત્ર પર સામ્યવાદી પક્ષ, અમલદારશાહી અને લાલ સેનાની પકડ ઢીલી પડવા લાગી.
- ઈ.સ. 1990માં સોવિયેત યુનિયનના વિભાજનથી પ્રક્રિયા શરૂ થઈ. ડિસેમ્બર, 1991માં દેશનાં કુલ 15 રાજ્યોમાંથી 14 રાજ્યો સ્વતત્ર થતાં સોવિયેત યુનિયનની વિઘટનની પ્રક્રિયા પૂરી થઈ.
- 15મું રાજ્ય રશિયા સૌથી મોટું છે. તે રશિયન ફેડરેશન'ના નામે ઓળખાય છે.

### 4) બર્લિનની નાકાબંધી

- દ્વિતિય વિશ્વયુદ્ધને અંતે પરાજીત જર્મનીને ચાર વહીવટી વિસ્તારોમાં વહેંચી દેવામાં આવ્યું.
- એ જ રીતે તેની રાજધાની બર્લિનને પણ ચાર વહીવટી વિભાગોમાં વહેંચી દઈ તેના પર ચાર મહસત્તાઓનો વહીવટ સથાપવામાં આવ્યો હતો.
- થોડાં વર્ષો પછી અમેરિકા, ફ્રાન્સ, અને બ્રિટને પોતાન વહીવટ હેઠળના પશ્ચિમ જર્મનીના ત્રણ પ્રદેશોનું એકીકરણ કરી 'ફેડરલ રિપબ્લિક ઑફ ઈસ્ટ જર્મની' તરીકે રચના કરી.
- આ દેશોએ પશ્ચિમ જર્મનીના ત્રણ પ્રદેશોના એકીકરણની જેમ બર્લિનના ત્રણ ભાગો પણ એક બનાવ્યા.
- પ્રતિક્રિયાના વિરોધ રૂપે એપ્રિલ, 1948માં સોવિયેત યુનિયને 'બર્લીનની નાકાબંધી' જાહેર કરી.
- પરિણામે પશ્ચિમી દેશો અને સોવિયેત યુનિયન વચ્ચે તણાવ ઉભો થયો.
- ઘણા વિદ્વાનો આ નાકાબંધીને ઠંડા યુદ્ધનો આરંભ માનવામાં આવે છે.

## 4. નીચેનાં વિધાનોનાં કારણો અપો.

### 1) સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપનાએ નવા વિશ્વનો પાયો નાંખ્યો છે.

- આધુનિક વિશ્વે બબ્બે મહાભયાનક અને સંહારક વિશ્વયુદ્ધોનાં માઠાં પરિણામો ભોગવ્યાં છે.
- આવાં યુદ્ધોને એયાતનાથી ભાવિ પ્રજાને બચાવવા ઈ.સ. 1945માં જગતના 50 દેશોએ વિશ્વસંસ્થા સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના કરી.
- એ સમયે મળેલી પરિષદના સમાપન પ્રવચનમાં અમેરિકાના એ સમયના પ્રમુખ ટ્રુમેને જણાવ્યું હતુંકે, હવે યુદ્ધો વિનાના વિશ્વમાં જગતના રાષ્ટ્રો પોતના ઝગદાઓ કે વિવાદોનો ઉકેલ ચર્ચાઓ, વાટાઘાટો કે લવાદી દ્વારા લાવશે.
- તેમના મતે, સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપનાએ યુદ્ધો વિનાના નવા વિશ્વનો પાયો નાખ્યો છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**2) ક્યુબાની કટોકટીને ઠંડા યુદ્ધના અંતના આરંભ તરીકે ગણવામાં આવે છે.**

- ઈ.સ. 1961-1962 દરમિયાન અમેરિકાએ તેને દક્ષિણ-પશ્ચિમે આવેલા સામ્યવાદી દેશ ક્યુબાની નાકાબંધી કરી.
- અમેરિકાના સંભવિત લશ્કરી આક્રમણ સામે ક્યુબાની સલામતી માટે સોવિયેત યુનિયને પરમાણુ શસ્ત્રોથી સજ્જ મિસાઈલો ભરેલા વહાણો કેરિબિયન સમુદ્ર તરફ રવાના કર્યા.
- વિશ્વની બંને મહાસત્તાઓએ એકબીજા પર પરમાણુ શસ્ત્રોનો ઉપયોહ કરવાની ધમકી આપી. વિશ્વમાં પરમાણુ યુદ્ધની પરિસ્થિતિ ઊભી થઈ. અંતે અમેરિકા અને સોવિયેત યુનિયનના વડાઓએ સૌપ્રથમ વાર 'હોટ લાઈન' પર વાતચીત કરી.
- પરિણામે સોવિયેત યુનિયને પોતાના વહાણ પાછા વાળી લીધાં અને અમેરિકાએ ક્યુબા સામે ગોઠવેલા પરમાણુ શસ્ત્રોવાળાં મિસાઈલો ઉતારી લીધા. પરિણામે બંને દેશો વચ્ચે યુદ્ધની ઘટના ટળી ગઈ.
- આ ઘટના 'ક્યુબાની કટોકટી' તરીકે ઓળખાય છે.
- 'ક્યુબાની કટોકટી'ની આ ઘટના વેળા બંને મહાસત્તાઓએ સદ્દ્ભાવપૂર્ણ સંદેશાની સૌપ્રથમ આપ-લે શરૂ કરી. બંને મહાસત્તાઓ વચ્ચે ગેરસમજ દૂર થવાનો માર્ગ મોકળો બન્યો.
- ક્યુબાની કટોકટીને ઠંડા યુદ્ધના અંતના આરંભ તરીકે ગણવામાં આવે છે.

**5. દરેક પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :**

**1) સંયુક્ત રાષ્ટ્રોના ખત પત્રનો આરંભ શેનાથી થાય છે ?**

(A) ઘોષણાપત્રથી

(B) આમુખથી

(C) માનવહકોથી

(D) બંધારણથી

**2) ઘણા વિદ્વાનો કઈ ઘટનાને ઠંડાયુદ્ધની શરૂઆત માને છે ?**

(A) બર્લિનની નાકાબંધી

(B) જર્મનીના ભાગલા

(C) જર્મન ચમત્કાર

(D) જર્મનીનું એકીકરણ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3) સોવિયેત યુનિયનના નેતૃત્વ હેઠળ દેશો કઈ વિચારધારામાં મનતા હતા ?

(A) લોકશાહી

(B) સામ્રાજ્યવાદી

(C) સામ્યવાદી

(D) ઉદારમતવાદી

4) ભારતમાં બિનજોડાણની વિદેશનિતિના પ્રવર્તક કોણ હતા ?

(A) લાલબહારદુર શાસ્ત્રી

(B) ડૉ. રાધાકૃષ્ણન

(C) પંડિત જવાહરલાલ નેહરુ

(D) શ્રીમતી ઈંદિરા ગાંધી

5) આંતરરાષ્ટ્રીય રાજકારણમાં કઈ નીતિએ મહત્વનો ભાગ ભજવ્યો છે ?

(A) બિનજોડાણવાદની નીતિએ

(B) ઠંડાયુદ્ધની નીતિએ

(C) નિઃશસ્ત્રીકરણની નીતિએ

(D) સંસ્થાનવાદની નીતિએ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in